ફોજદારી કેસ નંબર:૨૯૮૪/૨૦૨૧

**:: આંક–૦૧ લગત હુકમ ::**

આ કેસ પોલીસ તપાસને ચાર્જશીટના આધારે માંડવામાં આવેલ સમન્સ ટ્રાયેબલ કેસ છે. આ કામમાં ફરીયાદપક્ષે આરોપી/જામીનદાર/ફરીયાદી/સાહેદને સમન્સ/નોટીસ/વોરંટની બજવણી કરવા પુરતી તક આપેલ હોવા છતાં ફરીયાદપક્ષ બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે. આથી આ કેસની વધુ કાર્યવાહી થઈ શકતી નથી અને કેસ મૃતપાય: અવસ્થામાં પેન્ડીંગ રહેલ છે. આજરોજ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ પાટણના પત્ર અનુસાર લોક–અદાલત યોજવામાં આવેલ છે, જેમાં મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગ ગોઠવી પત્ર અનુસાર પેટી કેસો, ટ્રાફીકને લગતા કેસો અને મ્યુનીસીપાલટીને લગતા કેસો, સમાધાન પાત્ર કેસો, નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ના કેસો, ફેકટરી એકટને લગતા કેસો, લેબર કાયદાના કેસો, સંપુર્ણ મૃતપ્રાય: કેસો અને ડોરમેન્ટના કેસો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ હેઠળ કાર્યવાહી બંધ કરી નિકાલ કરવા જણાવેલ છે. આથી આ કેસોનો પ્રકાર તથા થઈ શકતી સજાની જોગવાઈ ધ્યાને લેતાં હાલના કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ હેઠળ બંધ કરી સદર કેસ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આથી સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં આરોપી જયારે પણ હાજર થાય કે મળી આવે કે રજુ થાય ત્યારે ફરીયાદપક્ષ ઈચ્છે તો આરોપી સામેનો હાલનો કેસ ફરી ખોલાવી શકશે.

આ હુકમ આજરોજ, તા.**૧૧મી,** માહે.**સપ્ટેમ્બર,** સને.**૨૦૨૧** ના રોજ મેજીસ્ટ્રેટની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૯/૨૦૨૧
પાટણ.

**(એજાઝઅલી મખમુદઅલી બુખારી)**
બીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
Code No.GJ-01492.

**(R.B.CHAUHAN)**